# બાળ વૈજ્ઞાનિક જીલ્લા કક્ષા

**તા. ૪,૫,૬/૧૨/૨૫ પ્રાથમિક કુમાર શાળા, શુકલતીર્થ ખાતે યોજાયેલ જીલ્લા કક્ષાના બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન ૨૦૨૫** માં શાળાની ધો. ૯ (અ) વિદ્યાર્થીનીઓ પટેલ અદિતિ ડી., રાજ માન્યા ડી. વિભાગ–૫ જળ સંરક્ષણ અને વ્યવસ્થાપનમાં પોતાનો Automatic plant watering System પ્રોજકટ રજૂ કર્યો અને જીલ્લા કક્ષાએ પ્રથમ ક્રમાંક મેળવી ઝોન કક્ષાએ ભાગ લેવા માટે પસંદગી પામી.

માર્ગદર્શક શિક્ષકઃ કૌશિકભાઇ મિસ્ત્રી






તા. ૮/૧૨/૨૫ : **જીલ્લા શિક્ષણ તાલીમ ભવન ભરૂચ ખાતે યોજાયેલ જીલ્લા કક્ષાના કલા ઉત્સવ** માં બાળકવિ સ્પર્ધામાં શાળાની **ધો. ૧૦/બ ની વિદ્યાર્થીની ટંડેલ પ્રિયાંશી જે. પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરી ઝોન કક્ષાએ ભાગ લેવા માટે પસંદગી પામી.**

કન્વીનર શિક્ષકઃ પરેશભાઇ પટેલ, મનીષાબેન જાદવ

# ઝોન કક્ષા

**તા. ૧૮/૧૨/૨૫ : અંકલેશ્વર ખાતે યોજાયેલ જીલ્લા કક્ષાની રાજય સ્તરીય ચૌદમી સ્વામી વિવેકાનંદ વિષયક લેખિત ક્વિઝ** સ્પર્ધામાં રાજપૂત માનવસિંહ આર. (૧૧ વિ.પ્ર.) તૃતિય ક્રમાંક પ્રાપ્ત કર્યો. માર્ગદર્શક શિક્ષકઃ અલ્પેશભાઇ પટેલ

**તા. ૩૦/૧/૨૬ :** તાપી જિલ્લા ખાતે યોજાયેલ ઝોન કક્ષાના કલા ઉત્સવની બાળકવિ સ્પર્ધૉમાં શાળાની ધો. ૧૦/બ ની વિદ્યાર્થિની ટંડેલ પ્રિયાંશી જે. ભાગ લીધો. કન્વીનર : પરેશભાઇ પટેલ

# રાજય કક્ષાએ

**તા. ૭/૦૪/૨૫ :** શાળાના શિક્ષક શ્રી ચીમનભાઇ પરમારને ગાંધીનગર ટાઉન હોલ ખાતે ગુજરાત લેવલ પર "પર્યાવરણ સંરક્ષણ" એવોર્ડ એનાયત કરવામાં આવ્યો.






**તા. ૨૫/૫/૨૫ : નેશનલ સાયન્સ સેમિનાર** અંતર્ગત ગર્વમેન્ટ કોલેજ, ગાંધીનગર ખાતે યોજાયેલ રાજય કક્ષાના નેશનલ સાયન્સ સેમિનાર સ્પર્ધામાં શાળાની ધો. ૧૦–બ ની વિદ્યાર્થીની ટંડેલ પ્રિયાંશી જે. એ ભાગ લીધો હતો. જેમાં વિદ્યાર્થીનીએ "કવોન્ટમ યુગની શરૂઆત સંભાવના અને પડકારો" વિષય પર ખુબ સરસ રીતે પોતાનું વકતવ્ય રજૂ કર્યુ હતું. જેના માર્ગદર્શક શિક્ષક કૌશિકભાઇ મિસ્ત્રી પણ હાજર રહ્યા હતા.

**તા. ૧૭,૧૮/૧૨/૨૫ : કૃષ્ણ આશ્રમ શાળા, થવા ખાતે યોજાયેલ ઝોન કક્ષાના બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન ૨૦૨૫** માં શાળાની ધો. ૯ (અ) વિદ્યાર્થીનીઓ પટેલ અદિતિ ડી., રાજ માન્યા ડી. વિભાગ–૫ જળ સંરક્ષણ અને વ્યવસ્થાપન માં પોતાનો Automatic plant watering System પ્રોજેકટ રજૂ કર્યો. માર્ગદર્શક શિક્ષક : કૌશિકભાઇ મિસ્ત્રી



**તા. ૪/૧/૨૬ : રામકૃષ્ણ મિશન રાજકોટ ખાતે રાજય સ્તરીય ચૌદમી સ્વામી વિવેકાનંદ વિષયક લેખિત ક્વિઝ સ્પર્ધામાં જીલ્લા કક્ષાની સ્પર્ધા માં તૃતિય ક્રમ પ્રાપ્ત કરેલ શાળાનો વિદ્યાર્થી રાજપૂત માનવસિંહ આર. (૧૧ વિ.પ્ર.) ને માનનીય રાજય મંત્રીશ્રી ત્રિકમભાઇ બિજલભાઇ છાગાના વરદ્ હસ્તે પુરસ્કૃત** કરી સન્માનિત કરવામાં આવ્યા. માર્ગદર્શક શિક્ષક : અલ્પેશભાઇ પટેલ